પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪૨ | ૧૩ નવેમ્બર, ૨૦૧૮, મંગળવાર; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**છત્તીસગઢ પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ ભાજપમાં જોડાયા**

છત્તીસગઢ પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ પદની જવાબદારી સંભાળનાર ધનારામ સાહૂ ભાજપમાં સામેલ થયા છે. તેઓએ પાર્ટી અધ્યક્ષ અમિત શાહની ઉપસ્થિતિમાં સદસ્યતા ગ્રહણ કરી હતી.

**બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીઓ ૩૦ ડિસેમ્બરે**

બાંગ્લાદેશમાં આગામી મહીને યોજાનાર સામાન્ય ચૂંટણીની તારીખ એક સપ્તાહ વધારીને ૩૦ ડિસેમ્બરે કરવામાં આવી છે. વિપક્ષી ગઠબંધને ચૂંટણીની તારીખ પાછી ઠેલવા રજૂઆત કરી હતી. અગાઉ ચૂંટણી ૨૩મી ડિસેમ્બરે યોજાવાની હતી.

**કાબુલમાં ભીષણ વિસ્ફોટ**

અફઘાનીસ્તાનની રાજધાની કાબુલમાં સેંકડો લોકો પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે ભીષણ વિસ્ફોટ થયો હતો. અલ્પસંખ્યક હજારા સમુદાયના લોકો અહીં પ્રદર્શન કરી રહ્યા હતા.

**શરદ પવાર ચૂંટણી નહી લડે**

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવારે કહ્યુ છે કે તેઓ આગામી વર્ષે યોજાનાર લોકસભાની ચૂંટણી નહી લડે.

**લખનઉ જૂનુ નામ બદલાશે**

ફૈઝાબાદ જિલ્લાનુ નામ અયોધ્ય કરવાની ઘોષણા બાદ યોગી સરકારે લખનઉના ઝુનુ નામ બદલવાની તૈયારી કરી લીધી છે. આ ઝુનું નામ પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી બાજપેયીના નામે થઈ શકે છે.

# છત્તીસગઢમાં પ્રથમ તબક્કામાં ૭૦ ટકા મતદાન

**હિંસાના છુટાછવાયા બનાવો વચ્ચે નોંધનીય મતદાન નોંધાયું : નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં મતદાન કરવા લોકો ઉત્સાહ અને હિંમતપૂર્વક બહાર નિકળતા તંત્ર ખુશખુશાલ : ઉંચા મતદાનથી ભાજપ-કોંગ્રેસ ઉત્સાહિત**



રાયપુર,તા. ૧૨

છત્તીસગઢમાં અભૂતપૂર્વ સુરક્ષા અને હિંસા વચ્ચે આજે ઉંચુ મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં ૭૦ ટકાથી વધુ મતદાન થતાં ભાજપ અને કોંગ્રેસમાં ભારે સસ્પેન્સની સ્થિતિ રહી હતી. બંને પાર્ટીઓએ જીત માટેના દાવા કર્યા હતા. પ્રથમ તબક્કામાં ૭૦ ટકા મતદાન વચ્ચે જુદા જુદા વિસ્તારોમાં પણ ઉંચુ મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં મતદાનની સાથે જ મુખ્યમંત્રી રમણસિંહ સહિત ૧૯૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ૧૦ વિધાનસભા ક્ષેત્રોમાં સવારે સાત વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી મતદાન થયું હતું જ્યારે બાકીના ૮ વિધાનસભા ક્ષેત્રમાં જેમાં રાજનંદગાંવ જિલ્લાની પાંચ અને બસ્તર જિલ્લા ત્રણ વિધાનસભા બેઠક ઉપર સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન થયું હતું. અગાઉ છત્તિસગઢમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. મતદારો ભારે ઉત્સાહિત દેખાયા હતા. છત્તિસગઢના આઠ નક્સલવાદીગ્રસ્ત જિલ્લાની ૧૮ સીટો માટે પ્રથમ તબક્કામાં મતદાનની શરૂઆત થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રિય મંત્રી અનંત કુમારનુ નિધન : આજે અંતિમ સંસ્કાર

**ઘેરા શોકનુ મોજુ : કેન્દ્રીય મંત્રી અનંતકુમાર છેલ્લા ઘણા સમયથી કેન્સરથી ગ્રસ્ત હતા**



નવી દિલ્હી,તા. ૧૨

લાંબા સમયથી બિમાર ચાલી રહેલા કેન્દ્રિય પ્રધાન અનંત કુમારનુ આજે વહેલી પરોઢે આશરે બે વાગે અવસાન થયુ હતુ. તેમના અવસાનની સાથે જ ભાજપને મોટો ફટકો પડ્યો છે. સાથે સાથે તેમના લાખો સમર્થકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. કુમાર કેન્સરના રોગથી ગ્રસ્ત હતા. સારવાર પણ કરાવી રહ્યા હતા. ૫૯ વર્ષીય અનંત કુમારની પહેલા લંડન અને ત્યારબાદ ન્યુયોર્કમાં પણ સારવાર થઈ હતી. ૨૦મી ઓક્ટોબરના દિવસે તેમને બેંગલોર લાવીને પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અંતિમ દર્શન માટે તેમના પાર્થિવ શરીરને બેંગલોરના નેશનલ કોલેજમાં રાખવામાં આવ્યા બાદ તેમના અંતિમસંસ્કાર કરવામાં આવનાર છે. શુક્રવારના દિવસે તેમના પત્નિએ માહિતી આપી હતી કે અનંત હવે ઠીક છે. પરંતુ તેમની તબિયત એકાએક બગડી ગઈ હતી. એ વખતે કેન્સરની સાથે સાથે ઈન્ફેક્શન હોવાની બાબત સપાટી પર આવી હતી. તબિયત ખરાબ હોવાના કારણે અનંત છેલ્લા કેટલાક સમયથી કૃત્રિ શ્વાસ લેવાની મશીન એટલે કે વેન્ટીલેટર પર હતા.

# અયોધ્યા કેસમાં વહેલી સુનાવણી કરવાની માંગણી સુપ્રીમે ફગાવી

**વહેલી સુનાવણીની હિન્દુ મહાસભાની અરજી આખરે ફગાવાઈ : અયોધ્યામાં મંદિર નિર્માણને લઇને ફરીવાર માંગણી દેશભરમાં ઉઠી રહી છે ત્યારે સુપ્રીમ પોતાના વલણ ઉપર મક્કમ : જાન્યુઆરી મહિનામાં જ સુનાવણી**

નવી દિલ્હી,તા. ૧૨

રામજન્મભૂમિ બાબરી મસ્જિદ ભૂમિ વિવાદ મામલે હિન્દુ મહાસભાની વહેલી સુનાવણી કરવા માટેની માંગને આજે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. આની સાથે જ હિન્દુ સમુદાયના લોકોમાં નારાજગી વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે વહેલી તકે સુનાવણી કરવાની માંગને ફગાવતા કહ્યુ હતુ કે આ મામલે સુપ્રીમ કોર્ટે પહેલાથી જ વલણ સ્પષ્ટ કર્યુ છે. કારણ કે પહેલાથી જ જાન્યુઆરીમાં સુનાવણી કરવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે. અખિલ ભારતીય હિન્દુ હાસભા તરફથી વકીલ વરૂણ સિંહા દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાાં આવી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ સંજય કિશન કૌલની બનેલી બેંચે કહ્યું હતુ કે, તેના દ્વારા પહેલાથી જ કહેવામાં આવી ચુક્યું છે કે જાન્યુઆરી મહિનામાં મામલામાં સુનાવણી હાથ ધરાશે. જાન્યુઆરીમાં મામલાની સુનાવણી કરવાનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવી ચુક્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

### મંદિર નિર્માણમાં વધુ વિલંબના કારણે નારાજગી

રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ મામલામાં વહેલી સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કર્યા બાદ આ મામલો આગામી દિવસોમાં વધુ ગરમ બને તેવી શક્યતા છે. એકબાજુ રામ મંદિર નિર્માણ માટેની માંગણી દિનપ્રતિદિન વધુને વધુ તીવ્ર બની રહી છે ત્યારે સુપ્રીમ કોર્ટે આ મામલાને જાન્યુઆરી સુધી ટાળી દીધો છે. આવી સ્થિતિમાં હિન્દુ સમુદાયના લોકોમાં તથા ખાસ કરીને સાધુ સંતો અને હિન્દુ સંગઠનોમાં નારાજગી વધી રહી છે.

# કાશ્મીર સરહદ પાર કરવા માટે ૧૬૦ ત્રાસવાદીઓ તૈયાર

**દહેશતને ધ્યાનમાં લઇને હાઇ એલર્ટ જાહેર : પાકિસ્તાન વતી યુદ્ધવિરામનો ભંગ કરીને સતત ગોળીબાર વચ્ચે આતંકવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર**

જમ્મુ,તા. ૧૨

જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખાની નજક પાકિસ્તાન દ્વારા સતત નાપાક હરકત કરવામાં આવી રહી છે. યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતીમાં લાભ ઉઠાવવા માટે ત્રાસવાદીઓ પણ તૈયાર છે. પ્રાપ્ત થયેલી માહિતી મુજબ અંકુશ રેખા પાર કરીને ૧૬૦ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. હિંસા અને હુમલાની સ્થિતીને ધ્યાનમાં લઈને હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. એલઓસી નજીકના વિસ્તારોમાં સેનાના જવાનોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. નગોટા સ્થિત વ્હાઈટ નાઈટ કોરના જર્નલ કમાન્ડિંગ ઓફિસરનો હોદ્દો સંભાળી રહેલા લેફ્ટી જનરલ પરમજીતસિંહે કહ્યું છે કે, સરહદ પારથી ત્રાસવાદી ગતિવિધિ એજ વખતે રોકાશે જ્યારે પાકિસ્તાન પોતાની નીતિને વધુ સ્પષ્ટ કરશે. પાકિસ્તાનના કબજાવાળા પોકમાં ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. આ સર્જિકલ સ્ટ્રાઈકની યોજનામાં સામેલ રહેલા અધિકારીએ કહ્યું છે કે, ભારતીય સેના પોતાની તૈયારી યથાવતરીતે જારી રાખી રહી છે. ઘુસણખોરોને ઠાર કરવામાં આવી રહ્યા છે પરંતુ પાકિસ્તાનને પણ યોગ્ય પગલા લેવા પડશે. જમ્મુ કાશ્મીરમાં તમામ ત્રણેય ક્ષેત્રોમાં સેવા આપી ચુકેલા લેફ્ટી જનરલ પરમજીતસિંહે કહ્યું હતું કે, પાકિસ્તાનના જુદા જુદા વિસ્તારોમાંથી ૧૪૦થી ૧૬૦ ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘુસાડવાની યોજના ચાલી રહી છે. એલઓસી પર સૈનિકો માટે યુદ્ધવિરામની કોઈ સ્થિતિ નથી.

## "ચિત્રકૂટ"માં ઉત્તર પ્રદેશના પહેલા રોપ-વેની શરૂઆત થશે

**વનવાસ દરમિયાન ભગવાન રામ, પત્ની સીતા અને ભાઇ લક્ષ્મણ ૧૧ વર્ષ સુધી "ચિત્રકૂટ"માં વસ્યા હતા**

લખનઉ,તા.૧૨

વનવાસ દરમિયાન લાંબા સમય સુધી ભગવાન રામની વિશ્રામ કુટિર રહેલ મંદાકિની નદીને કાંઠે વસેલા "ચિત્રકૂટ"માં યોગી સરકાર ઉત્તર પ્રદેશના પહેલા રોપ-વેની શરૂઆત કરવાની તૈયારીઓમાં છે. ચિત્રકૂટ ભારત દેશના સૌથી પ્રાચીન તીર્થસ્થળોમાંથી એક છે.

ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશ ભારતના ઈતિહાસમાં પૌરાણિક અને ધાર્મિક મહત્વ ધરાવે છે. યોગી સરકાર પણ ઉત્તર પ્રદેશને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવવાના સંપૂર્ણ પ્રયત્નો કરી રહી છે. રોપ-વેની મદદથી મુખ્ય પરિક્રમા માર્ગથી લક્ષ્મણ પર્વત સુધીના સફરને સરળતાથી નિહાળી શકવાનું શક્ય બન્યું છે. આ પહેલા પગપાળા લક્ષ્મણ પર્વત સુધી પહોંચતા પ્રવાસીઓને અડધો કલાક લાગતો હતો. ચિત્રકૂટના પ્રવાસી અધિકારીએ માહિતી આપતા જણાવ્યું કે લક્ષ્મણ પર્વત સુધી પહોંચવા માટે ૪૦૦ પગથિયા ચડવા પડતા હતા, જે વૃદ્ધો માટે મોટી સમસ્યા હતી. પરંતુ રોપ-વેની મદદથી હવે ગણતરીની મિનિટોમાં જ લક્ષ્મણ પર્વત સુધી પહોંચી શકાશે.

# રાફેલ ડિલ મામલે ચુકાદા પ્રક્રિયા સંબંધિત દસ્તાવેજો સોંપાયા

**કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં દસ્તાવેજ રજૂ કર્યા : અરજી કરનારને ચુકાદા પ્રક્રિયા અંગેના દસ્તાવેજો સોંપ્યા તમામ પ્રક્રિયાઓનું પાલન થયું છે : કેન્દ્ર સરકાર**

નવી દિલ્હી, તા. ૧૨

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જ કેન્દ્ર સરકારે આજે રાફેલ ડિલને લઈને દસ્તાવેજો સુપ્રીમ કોર્ટમાં રજૂ કર્યા હતા. કેન્દ્ર સરકારે રાફેલ ડિલ સાથે સંબંધિત નિર્ણય લેવાની પ્રક્રિયા અંગેની માહિતી સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી હતી. ફ્રાંસની સાથે રાફેલ ડિલ ઉપર વિપક્ષના આરોપોનો સામનો કરી રહેલી કેન્દ્ર સરકારે આજે આ સોદાબાજી સાથે સંબંધિત માહિતી જાહેર કરી હતી. વિમાન ખરીદીની પ્રક્રિયા સાથે સંબંધિત દસ્તાવેજો અરજી કરનાર લોકોને સોંપી દીધા હતા. સાથે સાથે કેન્દ્ર સરકારે રાફેલ વિમાનોની કિંમતના સંદર્ભમાં માંગવામાં આવેલી માહિતી અંગે પણ જવાબ સીલ કવરમાં આપી દીધો હતો. કેન્દ્ર સરકાર તરફથી અરજીદારોને સોંપવામાં આવેલા દસ્તાવેજોમાં કહેવામાં આવ્યું છે કે, રાફેલની ખરીદીમાં તમામ પ્રકારની પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું છે. સરકારે કહ્યું છે કે, આ પ્રક્રિયા માટે ફ્રાંસ સરકાર સાથે આશરે એક વર્ષ સુધી વાતચીત ચાલી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## રિઝર્વ બૅન્કની ૧૯મીની બૉર્ડ મીટિંગ

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતીય રિઝર્વ બૅંક (આરબીઆઈ)ની ૧૯મી નવેમ્બરની બૉર્ડ મીટિંગ સરકાર અને આ મધ્યવર્તી બૅંક વચ્ચે ચાલતા કહેવાતા મતભેદને કારણે 'તોફાની' બનવાની શક્યતા છે. બેઠકમાં અમુક સભ્યો લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો માટેના નાણાકીય પ્રવાહિતા માટેના પગલાં, નાણાકીય માળખા, પુરાંતના મૅનૅજમૅન્ટ જેવા અનેક મુદ્દા ઉઠાવે એવી સંભાવના છે. નાણાં મંત્રાલયે ભારતીય રિઝર્વ બૅંકના ધારાની કલમ ૭નો ઉપયોગ કરીને તેના હેઠળ મંત્રણા શરૂ કરતા મતભેદ વધ્યા હતા. અત્યાર સુધી ક્યારે પણ આ કલમનો ઉપયોગ નહોતો કરાયો. આ કાયદાની જોગવાઈ મુજબ સરકારને આરબીઆઈના ગવર્નરને જરૂરી આદેશ આપવાનો અધિકાર છે.

રિઝર્વ બૅંકના ડૅપ્યુટી ગવર્નર વિરલ આચાર્યએ ગયા મહિને પોતાના પ્રવચનમાં મધ્યવર્તી બૅંકની સ્વાયત્તતાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો અને ચીમકી આપી હતી કે જો આરબીઆઈને પૂરતી સ્વાયત્તતા નહિ અપાય તો દેશના અર્થતંત્રને તેની માઠી અસર થઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સીવીસીનો અહેવાલ સુપ્રીમમાં સુપ્રત


**શુક્રવારના દિવસે મામલામાં વધુ સુનાવણી થશે : સીલ કવરમાં સીવીસી દ્વારા હેવાલ સુપ્રતઃ નાગેશ્વર રાવ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અંગેની માહિતી પણ આપી**

નવી દિલ્હી, તા. ૧૨

સીબીઆઈની અંદર ચાલી રહેલી આંતરિક લડાઈને લઈને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ચુક્યો છે. સુપ્રીમ કોર્ટમાં તર્કદાર દલીલો કરવામાં આવી રહી છે. આજે સુપ્રીમ કોર્ટે સીબીઆઈના ડિરેક્ટર આલોકકુમાર વર્મા સામે સુનાવણી શુક્રવાર સુધી મોકૂફ કરી દીધી હતી. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન દ્વારા આજે સીલ કવરમાં સુપ્રીમ કોર્ટમાં તેનો અહેવાલ રજૂ કર્યો હતો. સીબીઆઈએ કાર્યકારી સીબીઆઈ ડિરેક્ટર નાગેશ્વર રાવ દ્વારા લેવામાં આવેલા તમામ મોટા નિર્ણય અંગેની માહિતી સીલ કવરમાં સુપ્રીમ કોર્ટને સોંપી હતી. કોર્ટને ૨૩મી ઓક્ટોબર બાદથી અધિકારીઓની બદલી અંગેની માહિતી પણ સોંપવામાં આવી હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે વર્મા સામે તેની પ્રાથમિક તપાસ બે સપ્તાહની અંદર પરિપૂર્ણ કરવા માટે સેન્ટ્રલ વિજિલન્સ કમિશનને આદેશ કર્ય હતો. વર્મા અને સીબીઆઈના અન્ય અધિકારી રાકેશ અસ્થાના વચ્ચે ખેંચતાણનો મામલો વધુ તીવ્ર બન્યા બાદ અનો બંને દ્વારા એકબીજા સામે ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા પછી કેન્દ્ર સરકારે લાલઆંખ કરીને આ બંને અધિકારીઓને રજા ઉપર મોકલી દીધા હતા અને કાર્યકારી સીબીઆઈ ડિરેક્ટર તરીકે નાગેશ્વર રાવને જવાબદારી સોંપી હતી. વર્મા ખાસ સીબીઆઈ ડિરેક્ટર રાકેશ અસ્થાના સાથે છેલ્લા ઘણા સમયથી ખેંચતાણમાં હતા. ત્રણ સભ્યોની સીવીસી સમક્ષ રજૂઆતો થઈ હતી. કેવી ચૌધરીના નેતૃત્વમાં ત્રણ સભ્યોની સીવીસી સમક્ષ તર્કદાર

● અનુસંધાન પાન-૭ પર

## હેપ્પી બર્થ-ડે



દોસ્ત ફેલિક્સ

જુગ-જુગ જીઓ મેરે દોસ્ત...!

તારા બધા જ મનોરથ પૂર્ણ થાય એવી પ્રાર્થના...

- શ્રીકેત ત્રિવેદી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અમારા માનવંતા ગ્રાહકો, મિત્રો, શુભેચ્છકો તેમજ સ્નેહીજનોને નવા વર્ષની શુભકામના સહ - નૂતન વર્ષાભિનંદન
24"x50" સુધીની કલર એન્લાર્જમેન્ટ અરજન્ટ મેળવો
પાયલ સ્ટુડીયો
જાની બ્રધર્સ - ફોટો જર્નાલીસ્ટ
અરજન્ટ કલર પાસપોર્ટ ફોટા માત્ર ૧૦ મીનીટમાં મેળવો
માનનીય રાજ્યપાલશ્રીના પર્સનલ ફોટોગ્રાફર - વિડિયોગ્રાફર ફોટોજર્નાલીસ્ટ - ગાંધીનગર સમાચાર
● મોડેલીંગ ફોટોગ્રાફી/મેટ્રીમોનીયલ ફોટોગ્રાફી
● મોબાઈલમાંથી ફોટા તથા વિડિયો ડી.વી.ડી. બનાવી આપીશું
● વીડીયો કેસેટ પરથી ડી.વી.ડી બનાવી આપીશું
● મગ, કીચેઈન, ટી-શર્ટ, પીલો, બેડશીટ ઉપર ફોટા પ્રિન્ટ કરી આપશું
● મીડીયા ઉપરથી ડીઝીટલ પ્રિન્ટ કાઢી આપવામાં આવશે
● ફોટાનું લેમીનેશન તથા ફેન્સી ગ્લાસ ફ્રેમમળશે
● આલ્બમ, કેમેરા, પેનડ્રાઈવ, મેમરી કાર્ડ તથા તમામ ફોટો ગુડઝ મળશે
મીડીયા પરથી કોલાજ પ્રિન્ટ, બાળકોની ચીલ્ડ્રન ફ્રેમીંગ, ફેમીલી તથા કપલ ફોટા એન્લાર્જ તથા ફેન્સી ગ્લાસ ફ્રેમમાં કરાવો.
Payal Color Lab
Email : payalcolorlab@gmail.com
પાયલ કલર લેબ
ઘ-૪/I, પંજાબ નેશનલ બેંકની પાછળ,ભોયરામાં, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૦૬૫૨
● શુભ પ્રસંગોએ અદ્યતન ફોટોગ્રાફી તથા લેટેસ્ટ આલ્બમ માટે મળો (કરીઝમા / ઓફસેટ/ફોટોબુક) તથા Pre-Wedding Shooting માટે મળો.
● Candid Photography
● હાઈડેફીનેશન વીડીયોગ્રાફી તથા લાઈવટેલીકાસ્ટ ઓન LED સ્ક્રીન વીથ જીમી કેમેરા માટે મળો.
● એબ્રોડ(પરદેશ)માં લાઈવ ટેલીકાસ્ટ માટે મળો
● સરકારી/સંસ્થાકીય કાર્યક્રમોમાં HD વિડીયોગ્રાફી લાઈવ ટેલીકાસ્ટ તથા અદ્યતન ફોટોગ્રાફી માટે મળો
● ઈન્ડસ્ટ્રીયલ ફોટો શુટીંગ માટે મળો
શ્રી ANNAPURNA FILMS
Where Creativity Meets Satisfaction
Janmejay Jani
+91 9930575185
shreeannapurnafilms37@gmail.com
Candid & Traditional Photography
Cinematography
Video Shooting With 4K Camera
Pre-Wedding Shoot, Children Photography, Baby Shower
LED Wall with Plasma and Live Telecast with Multiple Camera
Jimmy JIB Crane & Drone Helicam
Cellarage Print & Fancy Photo Framing